**આંક-1 અન્વયે હુકમ**

**1.** સાંભળ્યા, કેસનું રેકર્ડ વંચાણે લેતા ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 ની કલમ-154 મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફસ્ટૅ ઇન્ફોર્મેશન રીપોર્ટ (એફ.આઇ.આર)નાં અનુસંધાને તપાસ કરનાર અધિકારીએ તપાસનાં અંતે આ કામનાં આરોપી વિરુધ્ધ સરકારશ્રી તથા ખેડા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનાઓ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાનાં ભંગ બદલ ભારતીય દંડ સંહિતા,1860 ની કલમ-188 મુજબ સજાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

**2.** ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 ની કલમ-195 મુજબ ભારતીય દંડ સંહિતા, 1860 ની કલમ-172 થી કલમ-188 (બંને કલમો સહિત)નાં સજાપાત્ર ગુના અંગેનું સંજ્ઞાન (cognizance) ત્યારે જ લઇ શકાય કે જ્યારે સંલગ્ન જાહેર સેવક દ્વારા અથવા આવા જાહેર સેવક જન વહીવટી નિયંત્રણ હેઠળ કોઇ એવા એટલે કે આવા જાહેર સેવકનાં ઉપલા અધિકારી દ્વારા લેખિત ફરીયાદ કરવામાં આવેલ હોય અન્યથા આ પ્રકારનું સંજ્ઞાન લઇ શકાય નહીં એવી કાયદાની ફરજીયાત જોગવાઇ છે.

**3.** ભારતીય દંડ સંહિતાની કલમ-188 મુજબનાં ગુના સંબંધે કાર્યવાહી કરવા જોગવાઇ કરવામાં આવેલ છે કે સક્ષમ ઓથોરીટી કે સરકારશ્રીએ જેને અધિકૃત કરેલ હોય તે જ અધિકારી/વ્યક્તિ ફરીયાદ કરી શકે અથવા કોઇ વ્યક્તિ આવા ગુના સંબંધે ફરીયાદ કરવા માંગે છે તેવા ઇરાદા સાથે નિયત કરેલ નમૂનામાં 30 દિવસથી ઓછા સમયની ન હોય તેવી નોટીસ સક્ષમ ઓથોરીટી કે સરકારશ્રીએ જેને અધિકૃત કરેલ હોય તેને આવી નોટીસ આપ્યા બાદ ફરીયાદ કરી શકે છે. આ જોગવાઇઓનું પાલન કર્યા વગર અદાલત ગુનાનું સંજ્ઞાન લઇ શકે નહીં. સદર કેસમાં કોઇ સક્ષમ ઓથોરીટી કે સરકારશ્રીએ જેને અધિકૃત કરેલ હોય તેણે આ મુજબ કોઇ ફરીયાદ કરેલ આવેલ હોય તેવું રેકર્ડ પરથી ફલિત થતુ નથી કે અન્ય કોઇ વ્યક્તિએ આ મુજબ ફરીયાદ કરેલ હોય

તેમ પણ નથી. આમ, કાયદાની ફરજીયાત જોગવાઇઓનું પાલન સદર કેસમાં થયેલ નથી.

**4.** નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા જયવંતસિંહ ફલજીભાઇ વિ. ગુજરાત રાજ્યનાં કેસમાં તારીખ 09.12.2003 નાં ચૂકાદામાં ભારતીય દંડ સંહિતા, 1860 ની કલમ–188 હેઠળ સજાપાત્ર ગુનો કોગ્નીઝેબલ હોવાનું જણાવી અવલોકન કરેલ છે કે કોગ્નીઝેબલ ગુનો એટલે કે જેમાં પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે, તપાસ કરી શકે પરંતુ ક્રિમીનલ પ્રોસીજર કોડ, 1973 ની કલમ–195 માં આ સામાન્ય જોગવાઇમાં અપવાદ કરવામાં આવેલ છે. તેમાં એવી સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે કે આઇ.પી.સી.ની કલમ–172 થી કલમ–188 (બંને કલમો સહિત)નાં ગુના અંગેનું સંજ્ઞાન ત્યારે જ લઇ શકાય કે જ્યારે સંલગ્ન જાહેર સેવક દ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોય એવાની લેખિત ફરીયાદ આવેલ હોય. આમ, એકમાત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલ હોય એટલા માત્રથી સી.આર.પી.સી. કલમ–195 ની ફરજીયાત જોગવાઇનો બાધ નડે નહીં તેવું માની શકાય નહીં.

**5.** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા એમ.એસ.અહલાવત વિ. હરિયાણા, એ.આઇ.આર., 2000 (સુ.કો.) 168, દોલતરામ વિ. પંજાબ રાજ્ય, એ.આઇ.આર., 1962 (સુ.કો.) 1206, બબીતાલીલા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, એસ.એલ.પી. (ક્રિમીનલ) 1474/2012, મુનીઅપ્પન અને બીજા વિ. તામિલનાડુ રાજ્ય, ક્રિમીનલ અપીલ નં. 127 થી 130/2008 તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા બેચરવાલા વિ. ગુજરાત રાજ્ય, ક્રિમીનલ મીસ. અપીલ નં. 509/2001, કાનજીભાઇ બબલદાસ પટેલ વિ. ગુજરાત રાજ્ય, ક્રિમીનલ મીસ. અપીલ નં.348/1995, અરૂણધતી ભટ્ટાચાર્ય વિ. ગુજરાત રાજ્ય, ક્રિમીનલ મીસ. અપીલ નં.17286/2017, ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિ. ગુજરાત રાજ્ય, 2018(1) જી.એલ.એચ., 63 નાં ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે "The provision of Section - 195 Cr.P.C.

are mandatory and non-compliance of it would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the compliance of the case without such complaint. In absence of such a complaint, the trial and conviction will be void ab initiio being without jurisdiction. નામદાર બોમ્બે હાઇકોર્ટની ડિવીઝન બેન્ચ દ્વારા હલ્લાશેવ વિ. મહારાષ્ટ્ર રાજ્ય, ક્રિમીનલ એપ્લીકેશન નં. 453/2020 નાં ચૂકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે "We are of the opinion that allowing prosecution to continue would be nothing but an abuse of process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against the accused based on the police report".

**6.** નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા અગ્રવાલ વિ. દિલ્હી રાજ્ય, 2001(3) ક્રાઇમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.361 તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા કાંધલ સરમણ જાડેજા વિ. ગુજરાત રાજ્ય, 2019(2) જી.એલ.આર., 1462 નાં ચૂકાદામાં એવું અવલોકન કરવામાં આવેલ છે કે જ્યારે ગુના અલગ કરી શકાય તેવા હોય એટલે કે સ્પ્લીટ કરી શકાય તેવા હોય, સ્વતંત્ર અને એક અલગ જ ગુનો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુનાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુનાને સી.આર.પી.સી. કલમ-195 નો બાધ નડતો નથી પરંતુ જ્યારે થયેલ ગુના એકબીજા સાથે એવી રીતે જોડાયેલ હોય, ઇન્ટરકનેક્ટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુનામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી., કલમ-195 નો બાધ નડે છે અને આવા ગુનાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી. કમિશ્નરશ્રીનાં જાહેરનામાનો ભંગ થતા ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલ ગુનો થયેલ છે તેવો પોલીસનો હાલનો કેસ છે. કેસની વિષયવસ્તુ ધ્યાને લેતા આ ગુનાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટરીતે સંકળાયેલ છે કે તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. આથી, નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઉપરોક્ત ચૂકાદાઓમાં ઠરાવ્યા મુજબ હાલનાં કેસમાં સી.આર.પી.સી., કલમ-195 ની કાયદાકીય જોગવાઇનો બાધ નડે છે. આ

બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સર્ક્યુલર નં. ડી.2912–13/2017, તારીખ 29.07.2017 થી વહીવટી સૂચના પણ આપેલ છે. આમ છતા, આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે હકુમત વગરની હોય સમગ્ર કાર્યવાહીને દૂષિત કરતી સી.આર.પી.સી. કલમ–461(આઇ) મુજબ ગણી શકાય જે પ્રથમથી જ રદ્દ થવા પાત્ર છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા કે.પ્રભાકર રાવ વિ. આંધ્રપ્રદેશ રાજ્ય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિ. ગુજરાત રાજ્ય, 2018(1), જી.એલ.એચ., 63 તથા રેણુકા વિ. કર્ણાટક રાજ્ય, 2009 ક્રિમીનલ લો જનરલ, 2245 (સુ.કો.)ના ચૂકાદાઓને ધ્યાને રાખતા સદર કેસમાં ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહરે કરવામાં આવે છે.

<u>હુકમ</u>

- સી.આર.પી.સી. કલમ–258 અન્વયે આરોપી વિરુધ્ધ આઈ.પી.સી. કલમ–188 મુજબનાં ગુનાની કાર્યવાહી બંધ કરી આરોપીને ડિસ્ચાર્જ કરવાનો આદેશ કરવામાં આવે છે.

- હુકમ આજરોજ તા.૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩ ( ડી.ડી.શાહ)

દાહોદ બીજા એડીશ્નલ જ્યુડી.મેજી.ફ.ક.

દાહોદ

**જીજે૦૧૫૫૧**